**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૭.૬ ડીગ્રી
લઘુતમ : ૯.૯ ડીગ્રી
ભેજ
સવારે ૬૭ ટકા ● સાંજે ૫૩ ટકા

# શહેરમાં ૭૦થી વધુ સ્ટોલ પર ઉંધીયાનું વેચાણ

## ઉંધીયાનો ભાવ કિલોના રૂપિયા ૧૭૦ થી ૨૪૦ જયારે જલેબીનો ભાવ રૂપિયા ૨૦૦ થી ૨૪૦



ગાંધીનગર, તા.૧૨

ઉતરાયણ પર્વને ગણતરીના કલાકો બાકી રહ્યા છે. પતંગ રસિયાઓ પતંગ-દોરીની ખરીદીમાં વ્યસ્ત બન્યા છે. ઉતરાયણની મોજ માણવા નગરજનો થનગની રહ્યા છે.ત્યારે ઉતરાયણ પર્વમાં ઉંધીયા-જલેબીનું ખાસ મહત્વ છે. ઉંધીયા-જલેબીની ખરીદી માટે શહેરમાં મોટી મોટી લાઈનો લાગે છે ત્યારે ઉંધીયા માટે અત્યારથી જ વેપારીઓએ કામગીરી આરંભી દીધી છે. શહેરમાં નાના-મોટા ૭૦ થી વધુ સ્ટોલ પર ઉંધીયું-જલેબી અને લીલવાની કચોરીનું વેચાણ થશે. ત્યારે આ વર્ષે શાકભાજીના ભાવમાં ઘટાડાને પગલે ઉંધીયાનો ભાવ કિલોના રૂ.૧૭૦ થી ૨૪૦ છે. જયારે તેલની જલેબીનો ભાવ રૂ.૨૦૦ તેમજ શુધ્ધ ઘી ની જલેબીનો ભાવ રૂ.૫૨૦ છે.

સ્વાદીષ્ટ અને ચટાકેદાર ઉંધીયુ એ ગરવી ગુજરાતની આગવી ઓળખ સમાન છે. શિયાળાના સમયમાં વિવિધ શાકભાજીનો ઉપયોગ કરી ગૃહિણીઓ તેમજ વેપારીઓ ભરપુર મસાલાનો ઉપયોગ કરીને સ્વાદીષ્ટ ઉંધીયુ બનાવે છે. ત્યારે ઉતરાયણ પર્વ ઉંધીયા-જલેબી ની લિજ્જત વિના અધુરો ગણાય તેમ છે. ઉતરાયણ માં ધાબા પર પતંગ દોરીની મોજ વચ્ચે પણ મિત્ર વર્તુળ, પરિવાર, અને પાડોશીઓ વચ્ચે પણ ઉંધીયાની પાર્ટી યોજાતી હોય છે. ત્યારે શહેરીજનો માટે ઉંધીયાની તૈયારીઓને વેપારીઓ આખરી ઓપ આપી રહ્યા છે. શહેરના સેકટરોમાં આવેલી દુકાનો ઉપરાંત સર્કલો અને ન્યુ ગાંધીનગર વિસ્તારમાં પણ માર્ગ પાસે સ્ટોલ ઉભા કરીને એક દિવસીય ઉંધીયા-જલેબીનો વેપાર કરવામાં આવે છે. ત્યારે શહેરમાં ઉંધીયા-જલેબીના અંદાજીત ૭૦ થી વધુ સ્ટોલ કાર્યરત હોય છે. ત્યારે ઉત્તારાયણના દિવસે ઉંધીયાની ખરીદી માટે લાંબી લાઈનો લાગી હોય છે, જેથી નાગરીકોને ઉંધીયાની મોજ માણવા માટે રીતસરની દોટ લગાવવી પડે છે. શહેરમાં વિવિધ સ્થળો પર અલગ ભાવ જોવા મળી રહ્યા છે. શહેરમાં ઉંધીયાનો ભાવ રૂ. ૧૭૦ થી ૨૪૦ છે, જયારે જલેબીનો ભાવ રૂ.૨૦૦ થી ૨૪૦ છે. તે ઉપરાંત શુધ્ધ ઘી ની જલેબીનો ભાવ કિ.૪૮૦ થી ૫૨૦ છે. જયારે તલનો ભાવ વધુ હોવાથી આ વર્ષે તલની ચીકીનો ભાવ કિ.૨૬૦ છે તો લીલવાની કચોરીનો ભાવ કિલોના રૂ.૨૪૦ છે.

# મોબાઈલ ટીબી વાનમાં ટેસ્ટ કરતા ૮ પોઝીટીવ કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૧૨

ક્ષય મુકત ભારત માટે આરોગ્ય વિભાગ દ્વારા વિવિધ યોજના તૈયાર કરવામાં આવી છે ત્યારે રાજય સરકાર દ્વારા ટીબીના દર્દીઓ શોધવા માટે વાન તૈયાર કરવામાં આવી છે. આ મોબાઈલ વાનમાં અદ્યતન ટીબીનું મશીન મુકવામાં આવ્યું હતું. ગામે ગામ મોબાઈલ ટીબી વાન ફેરવીને શંકાસ્પદ દર્દીઓનું સ્ક્રીનીંગ કરવામાં આવ્યું હતું. ગાંધીનગરમાં છેલ્લા દસ દિવસ દરમિયાન આ વાનમાં શંકાસ્પદ દર્દીઓના સેમ્પલ લઈને સ્ક્રીનીંગ કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લામાંથી ૯૫ દર્દીઓના સેમ્પલ લેવામાં આવ્યા હતા. જેમાં ૮ દર્દીઓ પોઝીટીવ મળી આવ્યા છે.

ક્ષયમુકત ભારત માટે આરોગ્ય વિભાગ દ્વારા યોજનાઓ ઘડવામાં આવી છે ત્યારે રાજય સરકાર દ્વારા ટીબીના દર્દીઓ શોધવા આખરે મોબાઈલ વાન તૈયાર કરવામાં આવી છે. આ મોબાઈલવાનમાંથી ટીબીમાં ટેસ્ટનું અદ્યતન મશીન મુકવામાં આવ્યું છે. જેના થકી ગામે ગામ ફરીને હાઈ રીસ્ક એરીયામાં ત્યાંના શંકાસ્પદ દર્દીઓના ટેસ્ટ કરવામાં આવ્યા હતા. ગાંધીનગર જિલ્લામાં તા. ૩૧ ડિસેમ્બરથી ૧૧ જાન્યુઆરી ૨૦૧૯ સુધીમાં આ મોબાઈલ વાન હાઈ રીસ્ક વિસ્તારમાં ફરી હતી. ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તાર સહિત જિલ્લાના ઈન્ડસ્ટ્રીયલ એરીયામાં આ વાન દ્વારા તપાસ કરવામાં આવી હતી. જેમાં સ્થાનિક આરોગ્ય કેન્દ્રના કર્મીઓ દ્વારા આ શંકાસ્પદ દર્દીઓના ગળફાના સેમ્પલ આ વાનમાં રાખેલા આધુનિક મશીનમાં ટેસ્ટ માટે મુકવામાં આવ્યા હતા. ગાંધીનગર શહેરી વિસ્તાર ઉપરાંત માણસા, કલોલ અને દહેગામ ખાતે આ વાન દ્વારા કુલ ૯૫ દર્દીઓના સેમ્પલ લઈને ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જેમાં આઠ સેમ્પલ પોઝીટીવ આવ્યા હતા. જેમાં આ વાન દ્વારા દહેગામમાં ૩, માણસા અને કલોલમાં ૨ જયારે ગાંધીનગરમાં પણ એક કેસ મળતા કુલ ૮ કેસ ટીબીના પોઝીટીવ જણાયા છે.

# સે-૨નાં બગીચામાં યુવતી તેના પ્રેમી સાથે બેઠી હતી ત્યાં પૂર્વ પ્રેમી આવી ગયો..!

## ‘તે મારી જિંદગી બરબાદ કરી, હું તારી જિંદગી બરબાદ કરી નાખીશ’ તેમ કહીને બંને પ્રેમી યુગલને પૂર્વ પ્રેમીએ માર માર્યો : પૂર્વ પ્રેમીએ તેણીના જુના ફોટો વાયરલ કરી દેવાની ધમકી પણ આપી : પોલીસ ફરિયાદ

ગાંધીનગર, તા.૧૨

શહેરના સેક્ટર-૨ ખાતે આવેલા બગીચામાં ગઈ સાંજે એક યુવતી તેના સહકર્મી પ્રેમી સાથે બેઠી હતી ત્યારે આ યુવતીનો પૂર્વ પ્રેમી આ બગીચામાં મિત્રો સાથે પહોંચી ગયો હતો અને ધમાલ થઈ ગઈ હતી. ‘તે મારી જિંદગી બરબાદ કરી છે, હું તારી જિંદગી બરબાદ કરી નાખીશ’. તેમ કહીને આ પૂર્વ પ્રેમીએ યુવક યુવતી ઉપર હુમલો કરી તેમના પાકિટ અને મોબાઈલ આંચકી લીધા હતા અને યુવતીને તેણીના જુના ફોટો વાયરલ કરી દેવાની ધમકી પણ આપી હતી. સમગ્ર મામલે સેકટર-૭ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો દાખલ કરીને ઘટનાની તપાસ શરૂ કરી છે.

શહેરનાં સેક્ટર-૨માં રહેતી ૩૨ વર્ષીય યુવતી ઈન્ફોસિટીમાં એક ખાનગી કંપનીમાં નોકરી કરે છે. ગઈકાલે સાંજે ઓફિસથી છુટ્યા બાદ આ યુવતી તેણીના સહ કર્મચારી ભાવેશ સાથે સેક્ટર-૨ના બગીચામાં બેઠી હતી. સાંજે સાડા સાત વાગ્યાના અરસામાં આ બંને યુગલ બગીચામાં બેઠુ હતુ ત્યારે યુવતિનો પુર્વ પ્રેમી તેના મિત્રો સાથે બગીચામાં આવી ચઢતા બબાલ થઈ ગઈ હતી. આ યુવતી અગાઉ સે-૨૫ ખાતે નોકરી કરતી હતી. ત્યાં સુપરવાઈઝર તરીકે નોકરી કરતો નરોડાનો દિલીપ મદનસિંહ સિસોદીયા પોતાના મિત્ર સાથે ત્યાં આવી ચઢ્યો હતો. બગીચામાં આવી ચઢેલા દિલીપે તેની પુર્વ પ્રેમિકા યુવતી સાથે બેઠેલા ભાવેશ પર હુમલો કર્યો હતો. આ બબાલમાં વચ્ચે પડેલી યુવતી પર દિલીપ સાથે આવેલા અજાણ્યા શખ્સે દંડા વડે હુમલો કરી દીધો હતો. મારામારી દરમિયાન હુમલાખોર ‘તે મારી જિંદગી બરબાદ કરી નાખી, હું તારી જિંદગી બરબાદ કરી નાખીશ’ જેવા શબ્દો સાથે જાતી વિષયક અપમાનજનક શબ્દો બોલી રહ્યો હતો. દિલીપે યુવતીને ધમકી આપી હતી કે ‘તારા ફોટા મારી પાસે છે હું તેને વાયરલ કરી દઈશ’ યુવતીએ આવા શબ્દો બોલવાનું ના પાડતા દિલીપે યુવતીના હાથમાં રહેલું પર્સ ઝુંટવી લીધુ હતું જેમાં તેના બે મોબાઈલ હતા. જયારે દિલિપ સાથે આવેલા શખ્સે ભાવેશનો મોબાઈલ ઝુંટવી લીધો હતો. આ ધમાચકડી બાદ બંને શખ્સો ફરાર થઈ ગયા હતા. હુમલા બાદ યુવતી પોતાના સાથી કર્મચારી ભાવેશ સાથે એક્ટિવામાં બેસીને સેક્ટર-૭ પોલીસ સ્ટેશન ફરિયાદ નોંધાવા માટે પહોંચી હતી. જો કે, પોલીસ સ્ટેશનમાં જ યુવતીને ખુબ જ ચક્કર આવતા પોલીસે ૧૦૮ બોલાવીને બંનેને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યા હતા. સારવાર બાદ યુવતીએ નરોડાના દિલીપ મદનસિંહ સિસોદીયા અને એક અજાણ્યા શખ્સ મળી બે શખ્સો સામે મારામારી, લૂંટ અને એટ્રોસીટી એક્ટ મુજબ ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ કેસની તપાસ એસસીએસટી સેલના ડીવાયએસપી બી. ડી. ચૌધરીને સોંપવામાં આવી છે.

# બસપા દ્વારા જનકલ્યાણકારી સમારંભ યોજાશે

ગાંધીનગર, તા.૧૨

બહુજન સમાજ પાર્ટી ગાંધીનગર જિલ્લા દ્વારા માયાવતીજીના ૬૩મા જન્મદિન નિમિત્તે જન કલ્યાણકારી સમારંભનું આયોજન તા. ૧૫મી જાન્યુઆરીને મંગળવારના રોજ બપોરે ૧ કલાકે તિરૂપતિ કોમ્પ્લેક્ષ સાદરા ભાગ હોલ, મોટા ચિલોડા ખાતે કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમના મુખ્ય અતિથી તરીકે (ગુ. મહાસચિવ) ત્રિભોવનભાઈ વાઘેલા, કે.ડી. પરમાર, પ્રદિપ પરમાર તેમજ ગાંધીનગર લોકસભા ઈન્ચાર્જ પ્રવિણભાઈ વાઘેલા (ગાં.જિ. પ્રભારી), ગણેશભાઈ વાઘેલા (ગાં.જિ. પ્રમુખ) સહિત ગાંધીનગર જિલ્લાના બહુજન સમાજ પાર્ટીના કાર્યકરો મોટી સંખ્યામાં જનકલ્યાણકારી સમારંભમાં હાજર રહેશે.

# શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખાની રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા રક્તદાન શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૧૨

શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખાની રાષ્ટ્રીય સેવા યોજના એકમ સાદરા, બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય-ચિલોડા, સિનીયર સિટીજન કાઉન્સિલ-ગાંધીનગર અને સહયોગ મંડળ-ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે સાદરા ખાતે રક્તદાન શિબિર યોજાઈ હતી. શિબિરનો શુભારંભ સમૂહ પ્રાર્થના અને ભજન દ્વારા કરવામાં આવ્યો હતો. શિબિરમાં કુલ ૧૦૧ રક્તદાતાઓએ ઉત્સાહ પૂર્વક રક્તદાન કરી પ્રસંશનીય યોગદાન આપ્યું હતું અને રક્તદાન મહાદાન સુત્રને સાર્થક કર્યું હતું.૧૧ જેટલી બહેનોએ પણ રક્તદાન કરી નારીશકિતનું ઉમદા ઉદાહરણ પૂરું પાડયું હતું. મોહમ્મદ બાદી અને રઈશાબાનું બાદી દંપતિએ પણ રક્તદાન કર્યું હતું. શિબિરને સફળતા



અપાવવામાં ડીન પ્રભુલાલ કાસુન્દ્રા, રમેશભાઈ પટેલ - અધ્યાપક પશુપાલન અને ગૌ સંવર્ધન કેન્દ્ર, સાદરા અને બધા જ અધ્યાપકોએ ભારે જહેમત ઉઠાવી હતી તેમજ બધા જ અધ્યાપકોએ પણ રક્તદાન કરી વિદ્યાર્થીઓ માટે ઉમદા ઉદાહરણ પૂરું પાડયું હતું. સિનીયર સિટીઝન કાઉન્સિલ, ગાંધીનગર અને સહયોગ મંડળ ગાંધીનગરના સભ્ય રામલાલભાઈ શાહે આ આયોજનમાં મહત્વના ફાળો પ્રદાન કર્યો હતો. બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય, ચિલોડા કેન્દ્રના બી.કે. તારાદીદીએ ઉપસ્થિત રહી આશીર્વચન આપ્યા હતા તથા રકત એકત્રિત કરવામાં સિવિલ હોસ્પિટલ બ્લડ બેંક ગાંધીનગરના સેવક ભાઈઓનો સહકાર પ્રાપ્ત થયો હતો. સિનીયર સિટીઝન કાઉન્સિલ, ગાંધીનગરના હસમુખભાઈ શાહ, બહેચરભાઈ પ્રજાપતિ, સહયોગ મંડળ ગાંધીનગરના રામલાલભાઈ શાહ, દશરથભાઈ પરમાર, રસિકભાઈ ગાંધી તથા પ્રહલાદભાઈ ઠક્કરે શિબિરમાં ઉપસ્થિત રહી શિબિરને સફળ બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. સંપૂર્ણ કાર્યક્રમના આયોજનમાં રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડો. નીરજ સિલાવત અને ડો. અરવિંદભાઈ રામીનો મહત્વનો ફાળો રહ્યો હતો.



ઉત્તરાયણ નિમિત્તે બજારમાં બોર, શેરડી, ચીકી વગેરેનું ભારે ધૂમ વેચાણ થઈ રહ્યું છે તે પ્રસંગની તસ્વીરમાં શેરડીનું વેચાણ નજરે પડે છે.



સે-૨૩ કેટેગરી વસાહત દ્વારા ઉત્તરાયણ પર્વ નિમિત્તે કુતરા માટે મહિલા મંડળ દ્વારા લાડુ બનાવવામાં આવ્યા હતા.

# આજે સંસ્કાર ગૃપ દ્વારા સે-૭ બગીચા ખાતે વિવિધ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૨

સંસ્કાર ગૃપ દ્વારા ગૃપના સભ્યો માટે સવારે ૯ થી ૧૦ વચ્ચે સે-૭ના બગીચામાં ઉત્તરાયણ નિમિત્તે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ઉત્તરાયણ પર્વ અને ખોરાકનું મહત્વ સમજાવવાની સાથે બાળકો દ્વારા મીઠાઈ લાવી તેનીઆપ-લે કરવામાં આવશે ગૃપના પ્રમુખ તથા બાળકો દ્વારા દોરી એકત્ર કરવામાં આવશે તથા ઉત્તરાયણમાં પ્રાણીઓને થતા નુકશાન જેવી જરુરી બાબતો અંગે માર્ગદર્શન આપવામાં આવનાર છે.

## ચિરવિદાય

- સ્વ. નારણભાઈ ભુરાભાઈ ધ્રાંગધરીયા, ઉ.વ. ૮૭
- સ્વ. મુજીબા દિપસિંહ વાઘેલા, ઉ.વ. ૯૪







# સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે પતંગોસવ ઉજવાયો

ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તારની સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે ઉત્તરાયણ પ્રવ નિમિત્તે કાઈટ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળા સંકુલ સ્થિત વિશાળ મેદાનમાં બાળકોએ મનભરીને પતંગ ચગાવવાનો આનંદ માણ્યો હતો. આ સાથે બાળકોએ ઘરના ધાબે ઉજવાતી ઉત્તરાયણની જેમ જ આનંદની કિકિયારીઓ તથા વિવિધ બ્યુગલના અવાજો સાથે ચિત્ર વિચિત્ર મ્હોરાં પહેરી રંગબેરંગી પતંગો ઉડાડવાનો અનેરો રોમાંચ માણ્યો હતો.

# મધુર ડેરી ખાતે ઉત્તરાયણ પર્વની ઉજવણી કરાઈ





ગાંધીનગર, તા.૧૨

રોજિંદા કામ અને ફરજની સાથે સાથે કર્મચારીઓ તહેવારોની મઝા પણ માણી શકે તે મધુર ડેરી દ્વારા પતંગોત્સવનું આયોજન કરવામાં આવ્યુ હતુ. શનિવાર, તા. ૧૨ જાન્યુઆરીના રોજ સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિ અને રાષ્ટ્રીય યુવા દિનના રોજ બપોરે ૧૨.૩૦ થી ૪.૩૦ કલાક સુધી મધુરના તમામ કર્મચારી/અધિકારીઓએ પોતાના સંલગ્ન કામ અને ધ્યેયને અનુલક્ષીને પતંગો બનાવ્યા હતા. ચેરમેનશ્રી અને મેનેજિંગ ડીરેક્ટરશ્રીની હાજરીમાં રંગ બેરંગી પતંગો ચગાવી આનંદ માણ્યો હતો. મધુર ડેરીના ચેરમેનશ્રી ડો. શંકરસિંહ રાણાએ જણાવ્યુ હતુ કે દૈનિક કામની સાથે સાથે કર્મચારીઓ પરિવારની જેમ કામના સ્થળે આનંદ-પ્રમોદ પણ કરી શકે તે માટે આ વર્ષે ઉત્તરાયણ મનાવવાની એક પહેલ કરવામાં આવી છે. ટીમનો આનંદ, ભાગીદારી અને તહેવાર અનુલક્ષી સૌથી સારું પરફોર્મ કરનાર વિભાગ માટે ખાસ ઈનામની પણ જાહેરાત કરવામાં આવી હતી.









સિનિયર સીટીઝન્સ કાઉન્સીલ દ્વારા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગ રૂપે ૭૫ વર્ષ પૂર્ણ કરનાર વડીલો અને ૭૦ વર્ષ પૂર્ણ કરનાર માતાઓ તથા દાંપત્યજીવનના ૫૦ વર્ષ સફળતાપૂર્વક સંપન્ન કરનાર બે દંપતિઓનું સંસ્થાના સ્થાપક પ્રમુખ વિષ્ણુપ્રસાદ પી. વ્યાસના સાંનિધ્યમાં સન્માન સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.